# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રીના વતન વડનગરમાં આજે ઐતિહાસિક સંગ્રહાલય સહિતના કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ લોકાર્પણ કરશે.**
2) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગાંધીનગર સંસદીય વિસ્તારને કરોડો રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપી**
3) **આજથી સ્ટાર્ટ્સઅપ દિવસની ઉજવણીથઇ રહી છે ત્યારે દેશમાં સ્ટાર્ટઅપ પોલિસીનું સફળ અમલીકરણ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે**
4) **ગૃહરાજ્ય મંત્રીએ ઉત્તરાયણ બાદ વૃક્ષોસહિત અન્ય સ્થળોએ લટકી રહેલી પતંગની દોરીને દૂર કરીને પક્ષી બચાવો અભિયાનમાં સામેલથવા નાગરિકોને અપીલ કરી**
5) **દેવભૂમિ દ્વારકામાં સતત પાંચદિવસથી ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી.. અત્યાર સુધીમાં 26 હજારથી વધુ ચોરસ મીટરજમીન પરથી ગેરકાયદે દબાણો હટાવાયાં.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VADNAGAR AMIT SHAH PROGRAM

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ આજે મહેસાણા જિલ્લાના વડનગર શહેરમાં કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. શ્રી શાહ મ્યુઝીકલ મ્યુઝીયમનાં કાર્યોની સમીક્ષા બેઠકમાં ભાગ લેશે અને નવનિર્મિત પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલયનું લોકાર્પણ કરશે. તેમની આ મુલાકાત દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે ..

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલઃ

(VOICE CAST- ANIL PATEL)

# AMIT SHAH YESTERDAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં જળવ્યવસ્થાપનનાં પરિણામે ઉત્તરગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં ગામેગામ સિંચાઈ અને પીવાનું શુધ્ધ પાણી પુરતા પ્રમાણમાં પહોંચ્યું છે.

ગઇકાલે તેમના સંસદીય વિસ્તાર ગાંધીનગરનાં માણસામાં અંદાજે 241 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું હતું.તેમણે અંબોડ ખાતે 234 કરોડ રૂપિયાનાં ખર્ચે સાબરમતી નદી પર નિર્માણ થનારા બેરેજનું ભૂમિપૂજન કર્યું હતું.

શ્રી શાહે લાકરોડા ગામે સાબરમતી નદીના કાંઠા પર નીલકંઠ મહાદેવ મંદિર પાસે એક કરોડ 33 લાખ રૂપિયાનાં ખર્ચે સંરક્ષણ દિવાલના કામનું ઇ-લોકાર્પણ કર્યું હતું અને માણસા સર્કિટહાઉસનું પણ લોકાર્પણ કર્યું હતું.

જ્યારે કલોલ ખાતે 198 કરોડ રૂપિયાનાં 19 વિકાસકાર્યોનું લોકાર્પણ અને 8 વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત કર્યું હતુ..શ્રી શાહે કલોલના નારદીપુરમાં રામજીમંદિરમાં ભજન મંડળીઓને સાધનોનું વિતરણ કર્યું હતું.

તેમણે બોરસણા ખાતે કલોલ-સાણંદ રોડનું ખાતમુહુર્ત કર્યું હતું. શ્રી શાહ સઇજ ખાતેના ઓવરબ્રિજ સહિતના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

# Startups

આજથી રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ ઉજવવામાં આવશે. દેશમાં છેવાડાનાં લોકો સુધી ઉદ્યોગ સાહિસીકો સ્ટાર્ટઅપ થકી આત્મનિર્ભર બને અને મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થાય તે હેતુથી દર વર્ષે 16 જાન્યુઆરીએ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ ઉજવવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2016માં સ્ટાર્ટઅપ ઈન્ડિયાની પહેલ કરી હતી. જે આજે 2025 સુધીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા દોઢ લાખથી વધારે સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી છે. જેમાં ગુજરાતમાં બાર હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે.

રાજ્ય સરકાર દ્વારા “ગુજરાત યંગ આંત્રપ્રિન્યોર્સ વેન્ચર ફંડ” સેટઅપ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં અંદાજે ૩૫૦ કરોડ રૂપિયાનો ફાળો આપ્યો છે.

જેના પરિણામે વર્ષ ૨૦૧૭માં ગુજરાતને સ્ટાર્ટઅપ ઇન્ડિયા પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે "Prime Minister Award for Excellence in Public Administration in 2017" એવોર્ડ મળ્યો હતો. તદ્ઉપરાંત રાજ્યને સતત ૪ વર્ષ એટલે કે ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૨ સુધી સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં "બેસ્ટ પરફોર્મર" એવોર્ડ પણ મળ્યો હતો.

# HARSHA SANGHVI

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ નાગરિકોને ઉત્તરાયણ બાદ હવે લટકી રહેલી પતંગની દોરીને દૂર કરવાની અપીલ કરીને પક્ષી બચાવો અભિયાનમાં સામેલ થવા અપલી કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમ x પર તેમણે ગાંધીનગરમાં ચાલી રહેલા આ અભિયાનની તસ્વીરોને ટેગ કરીને આ અભિયાનમાં સામેલ થવા અપીલ કરતાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે

ટીમ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને નાગરિકોના જીવન બચાવવાના ઉત્કૃષ્ટ પ્રયાસો માટે હૃદયપૂર્વકની પ્રશંસા! તમારું એક નાનું પગલું મોટો ફરક લાવી શકે છે! ઉત્તરાયણ પછી, ચાલો આપણે બધા દિવાલો, વૃક્ષો અને થાંભલાઓ પરથી પતંગની દોરી દૂર કરીને આપણા ભાગનું કામ કરીએ. ફક્ત તેમને નીચે ખેંચો અને તેનો યોગ્ય રીતે નિકાલ કરો. તમારી નાનકડો પ્રયાસ અસંખ્ય પક્ષીઓ માનવ જીવન અને પ્રાણીઓને બચાવી શકે છે.

# HALOL SAVE BIRDS

હાલોલ નગરપાલિકા વિસ્તારમાં ફાયર વિભાગની ટીમ દ્વારા તા.૧૪ અને તા.૧૫ જાન્યુઆરીના દિવસો દરમિયાન પતંગની દોરીથી ઘવાયેલ અબોલ પક્ષીઓની બચાવ કામગીરી કરવામાં આવી હતી. આ બચાવ કામગીરી હાલોલ નગરપાલિકાના અલગ અલગ વિસ્તારમાં પક્ષીઓ, પ્રાણીઓ અને સરીસૃપ મળી કુલ ૧૫ જેટલા જીવોને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બચાવી લેવાયા હતા. ઉત્તરાયણ પર્વના બે દિવસો દરમિયાન કુલ ૨૫ અબોલ જીવોની બચાવ કામગીરી હાથ ધરાઈ હતી.

બીજીતરફ પાટણ ખાતે પતંગની દોરીથી ઘવાઇને મૃત્યુ પામેલા પક્ષીઓની અંતિમ યાત્રા યોજવામાં આવી હતી..ઉત્તરાયણમાં ચાઇનિઝ દોરીને કારણે પક્ષીઓ ઘવાઇને પોતાનો જીવ ગુમાવે છે તેની ગંભીરતા લોકોને સમજાવવા માટે જીવદયા પ્રેમીઓ દ્વારા  આ અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી.

આ ઉપરાંત પોરબંદરમાં કરૂણા અભિયાન અંતર્ગત પક્ષી અભ્યારણ્ય ખાતે ખાસ ઓપરેશન થિયેટર બનાવી ડોકટરોની ટીમ ખડેપગે તૈનાત કરવામાં આવી હતી. ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા પણ કામગીરી કરવામાં આવી હતી, જેમાં પતંગના દોરથી પક્ષી કરતા પશુઓ વધુ ઘાયલ બન્યા છે. પતંગના દોરથી જિલ્લામાં 218 પશુ અને 83 પક્ષી ઘાયલ થયા હતા અને તેમને સારવાર અપાઇ હતી.

# KUTCH ARMY DAY

સેના દિવસની ઉજવણીના ભાગરૂપે ધોરડોના સફેદ રણમાં 617 એર ડિફેન્સ બ્રિગેડના બ્રિગેડિયર રવીન્દ્ર સિંહ ચીમાએ ભૂમિ નૌકાવિહાર અભિયાનને ફ્લેગ ઓફ આપી પ્રારંભ કરાવ્યો હતો. 7 નૌકામાં વારાફરતી 20 જવાનો કેપ્ટન વીરેશ S.G.ના નેતૃત્વ હેઠળ કચ્છના રણમાં સઢવાળી નોકા ચલાવવાનું સાહસ કર્યું છે. આર્મીના જવાનો 400 કિલોમીટરનુ અંતર કાપી 20 જન્યુઆરીએ પરત ધોરડોના સફેદ રણ ખાતે પહોંચી આ અભિયાન પૂર્ણ કરશે તેમ કેપ્ટન વિરેશ એસજીએ માહીતી આપી હતી.

(બાઇટ)

ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા જવાનો કચ્છની સરહદ અને ભૌગોલિક પરિસ્થતિથી વાકેફ થાય અને અહીંના યુવાનો ભારતીય સેન્યમાં જોડાવા પ્રેરિત થાય તે માટે આ અભિયાન શરૂ થયું હતું.. આ પ્રકારનું સાહસ સમગ્ર એશિયામાં માત્ર કચ્છમાં જ થાય છે.

# DWARKA DEMOLATION DAY 5

બેટ દ્વારકામાં છેલ્લા પાંચ દિવસથી હનુમાન દાંડી રોડ નજીક આવેલા અનઅધિકૃત દબાણોને દૂર કરવાની કામગીરી પાલિકા દ્વારા કરવામાં આવી રહી છે.

દબાણ દૂર કરવાની કામગીરી અંગે વધુ માહિતી આપે છે દ્વારકાના એસ.ડી.એમ અમોલ આવતે.

(બાઇટ - અમોલ આવતે)

# KHEDUT SADHAN SAHAY

તાપી જિલ્લામાં ખેતી સાથે જોડાયેલા આદિજાતિના લોકોને, ખેતીમાં સહાયરૂપ બનવામાં માટે ખેતીવાડી વિભાગના સહયોગથી વિવિધ સાધન સહાય યોજનાઓ ચાલી રહી છે. વિવિધ યોજનાઓ થકી સાધન સહાય મેળવીને આદિજાતિ સમાજને પગભર કરવાના પ્રયત્નો કરાઈ રહ્યા છે ,જેનો લાભ મેળવીને લાભાર્થીઓ સરકારનો આભાર વ્યક્ત કરી રહ્યા છે

(બાઈટ - મણિલાલ ગામીત - ખેડૂત, છેવડી ગામ)

# RAJYAPAL MULAKAT NAUKADAL HEADQUATER

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાતના દરિયાઈ સીમા વિસ્તારમાં આવેલા વિવિધ નૌકાદળ મુખ્યાલયો જેમાં ગુજરાત, દીવ અને દમણ, પોરબંદરની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાજયપાલે કહ્યું કે, આ મુલાકાત ભારતીય નૌકાદળની ભૂમિકા, તેની કાર્યપ્રણાલી અને રાષ્ટ્રીય સુરક્ષામાં તેના યોગદાનને સમજવાનો મહત્વપૂર્ણ અવસર મળ્યો થયો છે. આઈ.એન.એસ. સરદાર પટેલ પર રાજ્યપાલએ નિરીક્ષણ કર્યું હતું અને સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી

હતી. રાજ્યપાલે નૌકાદળનું સંચાલન અને સમુદ્રની સુરક્ષામાં તેમની ભૂમિકા સમજવા આઇ.એન.એ બેતવા પર પ્રવાસ કર્યો હતો.

# KHEL MAHKUMBH

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજકોટ શહેર કક્ષાના અંડર ૧૪ બહેનો માટેની ફૂટબોલ સ્પર્ધા પૂર્ણ થઈ હતી.જેમા પ્રથમ ક્રમાંકે સેન્ટપોલ સ્કૂલ, દ્વિતીય ક્રમાંકે સન સાઈન સ્કૂલ અને ત્રીજા ક્રમાંકે કડવીબાઈ વિરાણી સ્કૂલની ટીમ વિજેતા થઈ હતી.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ખેલ મહાકુંભ યોજવામા આવે છે, જેનો હેતુ રાજ્યના રમતવીરોને પ્રોત્સાહિત કરવા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું નામ રોશન થાય તે માટે ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે.

તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ, કોલેજના યુવાનો સહિત મોટી ઉંમરના વડીલોએ પણ રજીસ્ટ્રેશન કરાવી ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો.